# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

**પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૫**

ઑક્ટોબર ૨૦૨[૧]

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાન જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિન તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવ છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવ ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧) .......................... અને સુખકેન્દ્રિત જીવ સ્વયંના સુખને માટે શું કરશે એનો ભરોસો નથી.
૨) મર્યાદામાં રહેલા .................. પદાર્થોને જાણવું તે અવધિજ્ઞાન છે.
૩) જે વ્યાપાર વડે આત્મા શુભાશુભ કર્મને ગ્રહણ કરે તે .................... કહેવાય છે.
૪) વ્યસનોનો .................... કદાચીત ધર્મ કરે તો પણ એ ધર્મ એના જીવનમાં ટકી શકતો નથી.
૫) પ્રત્યેક વ્યક્તિ મહાન ન બની શકે પણ પ્રત્યેક વ્યક્તિ ................ જરૂર બની શકે છે.
૬) જીવદયાના સાચા પરિણામ વગર જીવનમાં સાચી .................... અસંભવિત છે.
૭) .................. સૂત્રથી ત્રણ લોકમાં રહેલા સર્વ તીર્થો અને સર્વ જિન પ્રતિમાઓને વંદન કરાય છે.
૮) કષ એટલે ................. અને આય એટલે લાભ.
૯) શ્રી મુનિસુવ્રતપ્રભુના શાસન માં આઠમાં પ્રતિવાસુદેવ ................. થયા.
૧૦) ધર્મનો ...................... બનાવવાના ઇચ્છુક શ્રાવકોએ જીવનમાંથી દોષોની બાદબાકી કરવી પડે.
૧૧) કૃષ્ણ અને નીલ ...................... વર્ણ છે. તેમની પ્રાપ્તિ પાપથી થાય છે.
૧૨) માનવી પોતાના જીવનને સુયોગ્ય રીતે જીવે તો અનેકોને માટે .................. નું નિમિત્ત બની જાય છે.
૧૩) તીર્થંકર પરમાત્માનો જન્મ થાય ત્યારે કેટલાક નારકો પરમાત્માનું કલ્યાણક જાણી એની અનુમોદના કરી ........................ ને પણ પ્રાપ્ત કરે છે.
૧૪) શ્રી શાંતિનાથ પ્રભુ છટ્ઠા ભવમાં મહાવિદેહમાં અપારજિત નામના ...................... થયાં.
૧૫) વેશ્યાગમનના વ્યસને જીવોને .................... અને નિર્માલ્ય, વીર્યહીન બનાવ્યા છે.
૧૬) .................. માનવી સદા પરના છિદ્ર જોવામાંજ લાગેલો છે.
૧૭) પાત્રતા-યોગ્યતા હોવાં છતાં લાભ થવા ન દે તે ...................... કર્મ.
૧૮) શ્રી અરનાથ પ્રભુનું લાંછન ....................... છે.
૧૯) .................. જીવોમાં ચારે ચાર ગતિના જીવોનો સમાવેશ થાય છે.
૨૦) દાનથીજ ત્યાગના ......................નું વાવેતર થાય છે.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧) નરકના જીવો કયાં ઉત્પન્ન થાય છે ?
૨) અરિહંતની માતા પાંચમાં સ્વપ્ન માં કોને નિરખે છે ?
૩) બેઠા બેઠા કે ઉભા ઉંઘ કરે તે કઈ નિદ્રા ?
૪) પ્રેમ અને વાત્સલ્યની મૂર્તિ કોણ ?
૫) કયા નામકર્મના ઉદયથી જીવને કોઈ ને ન ગમે એવા કર્કશ અવાજની પ્રાપ્તિ થાય છે ?
૬) શ્રી મલીનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં કઈ નગરીમાં મહાબલ રાજા હતાં ?
૭) બગાઈ, કપીલ વગેરે કયા જીવો છે ?
૮) જ્ઞાનતંતુને કોણ નબળા બનાવે છે.
૯) મેઘરથ રાજાના ભાઈનું નામ શું હતું ?
૧૦) લલિતપુરનો રાજા હંમેશા શેમાં તલ્લીન રહેતો ?
૧૧) ક્ષાયિક સમકિતના સ્વામી કોણ હતાં ?
૧૨) ખેતી, મીલ, ફેક્ટરી વગેરે આરંભ, સમારંભથી જે ક્રિયા લાગે તેને શું કહેવાય ?
૧૩) નમોત્થુણં સૂત્રનું બીજુ નામ શું ?
૧૪) વામન સંસ્થાનથી વિપરીત સંસ્થાન કયું ?
૧૫) શીલને કોણ નમસ્કાર કરે છે ?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.**

[illegible] ૧૦

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) [illegible] | ૧) દાન |
| ૨) શેલા | ૨) સાધુ જીવન |
| ૩) પરસ્ત્રીગમન | ૩) વાલુકાપ્રભા |
| ૪) સર્વવિરતિ | ૪) વિવેક |
| ૫) કાયિકી | ૫) અચિરાદેવી |
| ૬) વિશ્વસેન | ૬) લોભ |
| ૭) જગડુશા | ૭) સંસ્થાન |
| ૮) પેથડશા | ૮) ક્રિયા |
| ૯) પર્વત | ૯) વ્યસન |
| ૧૦) કષાય | ૧૦)શીલનો ગુણ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) ક્રિયાઓ કેટલી છે ?
૨) તમઃપ્રભા નરકની લંબાઈ કેટલી ?
૩) શ્રી કુંથુનાથ પ્રભુ કેટલાં વર્ષ ચક્રવર્તીપણે રહયા ?
૪) પાપ કેટલા પ્રકારે ભોગવાય છે ?
૫) આશ્રવ તત્વના ભેદ કેટલા ?
૬) શ્રી નમિનાથ પ્રભુના ગણધરો કેટલા ?
૭) દર્શનાવરણીય કર્મના ભેદ કેટલા છે ?
૮) શ્રી અરનાથ પ્રભુનો છદ્મસ્થ કાળ કેટલા વર્ષનો છે ?
૯) પંચેન્દ્રિય ના જીવોમાં કેટલી ગતિના જીવોનો સમાવેશ થાય છે ?
૧૦) વ્યસનો કેટલા છે ?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) દાન, શીલ અને વિવેક દ્વારાજ લોકપ્રિયતાના શિખરને સર કરી શકાય છે.
૨) ક્રૂરતા, કરૂણા અને મૈત્રીના પરિણામની ઘાતક છે.
૩) તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલા માર્ગમાં શ્રદ્ધા થાય તે મિશ્ર મોહનીય કર્મ.
૪) શ્રી શાંતિનાથ પ્રભુ સાતમા ભવમાં સર્વાર્થ સિદ્ધમાં દેવ થયા.
૫) આભોગ એટલે ઉપયોગ અના ભોગ એટલે ઉપયોગ શુન્ય.
૬) દુર્ગુણોની બાદબાકી અને સદ્‌ગુણોની સુવાસ માનવીને ઉચ્ચ સ્થાને બિરાજમાન કરે છે.
૭) પંચેન્દ્રિય જીવો એવા છે જે ચારગતિ અને ચારે લોકમાં વ્યાપ્ત છે.
૮) આજ સુધીમાં સમુદ્ર કરતાં દારૂએ વધારે માનવીઓને ડુબાવ્યા છે.
૯) શ્રી અરનાથ પ્રભુજી પોતે છઠ્ઠા ચક્રવર્તી હતા.
૧૦) પોતાના હાથથીજ જીવાદિકનો ઘાત કરવો તે સ્વહસ્તિકી ક્રિયા છે.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) સાહેબ હવે કયાંય ચેન નથી, આત્મા સતત ડંખ્યા કરે છે.
૨) નદી જે જે પ્રદેશમાંથી વહેતી જાય છે તે તે પ્રદેશમાં હરિયાલી જોવા મળે છે.
૩) કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ સ્પર્શે, તો સેવક તાર્યા વિના કહો કેમ હવે સરશે.
૪) તીખો કડવો રસ અશુભ રસ છે. તેની પ્રાપ્તિ પાપથી થાય છે.
૫) જૈન ઇતિહાસને પાને, આવા અનેક લોકપ્રિય મહાપુરૂષોના ચરિત્ર અંકિત થયેલ છે.
૬) એ પ્રભુના શાસન માં દશમા હરિષેણ અને અગિયારમાં જય નામ ના ચક્રવતી થયા છે.
૭) લીમડો કે બાવળ વાવનારને કેરી કયાંથી મળે ?
૮) આ વ્યસન પૈસાની આશકિત વધારે છે અને એક પાપ અનેક પાપોને જન્મ આપે છે.
૯) આ આવેલ વ્યક્તિને ગુપ્ત રીતે મારી નાખજો.
૧૦) જેમણે સાતે પ્રકારના ભયો જીત્યા છે તે જિનોને, જિનેશ્વરોને નમસ્કાર છે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) દુર્ગુણોની બાદબાકી અને સદ્‌ગુણોની સુવાસ ૨) કોઈ પણ એક વ્યસન ૩) પાંચ નિદ્રા
૪) શ્રી નમિનાથ પ્રભુની ચ્યવન કલ્યાણકથી મોક્ષ કલ્યાણ સુધીન જીવન યાત્રા.
૫) નમોત્થુણં સૂત્રની નવમી તથા દસમી ગાથાનો ભાવાર્થ સમજાવો.

જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી

**શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર,**